વીજ કંપનીનું છેતરપિંડી | ૫૦ વર્ષથી શહેરી દર ચૂકવવા છતાં ગ્રામ્ય ફીડરથી જોડાણ મળતાં રોષ

# કપડવંજ: સોનીપુરામાં વીજ જોડાણમાં વિવાદ થતાં રહીશોએ હલ્લાબોલ કર્યો

**વીજ દરના** તફાવતની રકમ પરત કરવા અથવા સરભર કરવા માંગ



તસવીરઃ હરિશ જોષી

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૩

કપડવંજ નગરપાલિકાના વોર્ડ નંબર ૩ માં આવેલા સોનીપુરા વિસ્તારના રહીશોએ MGVCLની ટાઉન અને રૂરલ વિભાગીય કચેરીએ ધસી જઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. રહીશોનો આક્ષેપ છે કે તેઓ છેલ્લા પાંચ દાયકાથી શહેરી વિસ્તાર મુજબ વીજ બિલ અને મીટર ભાડું ચૂકવે છે, તેમ છતાં તેમને અન્યાયી રીતે ગ્રામ્ય ફીડરથી વીજ પુરવઠો આપવામાં આવે છે.

કપડવંજના સોનીપુરા વિસ્તારમાં વારંવાર ખોરવાતા વીજ પુરવઠાને કારણે વિદ્યાર્થીઓ, બાળકો અને વડીલોને ભારે હાલાકી ભોગવવી પડે છે. આ ગંભીર સમસ્યા અંગે જ્યારે રહીશો રજૂઆત કરવા જાય છે, ત્યારે MGVCLના ટાઉન અને રૂરલ વિભાગના અધિકારીઓ એકબીજા પર જવાબદારી ઢોળતા હોવાની ફરિયાદ સ્થાનિકોએ કરી છે.

અત્રે નોંધનીય છે કે, જ્યારે ગ્રામજનો આવેદનપત્ર આપવા પહોંચ્યા ત્યારે જવાબદાર અધિકારીઓ કચેરીમાંથી ગાયબ થઈ ગયા હતા. અધિકારીઓના આવા વલણથી રોષે ભરાયેલા રહીશોએ નાયબ ઇજનેરની ઓફિસ સામે જ ધરણા કર્યા હતા.

આ અંગે રહીશોની મુખ્ય માંગ છે કે સોનીપુરાને તાત્કાલિક કપડવંજ ટાઉન ફીડર સાથે જોડવામાં આવે અને છેલ્લા 50 વર્ષ દરમિયાન શહેરી અને ગ્રામ્ય વીજદર વચ્ચેના તફાવતની જે રકમ વસૂલવામાં આવી છે, તે પરત કરવામાં આવે અથવા આગામી બિલોમાં સરભર કરી આપવામાં આવે.

સ્થાનિકોએ અંતમાં ચીમકી ઉચ્ચારી હતી કે જો વહેલી તકે આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. હવે જોવાનું એ રહે છે કે તંત્ર આ મામલે કેવા અને કેટલા ઝડપી પગલાં ભરે છે.

## ખેડા પંથકમાં ભવ્ય તિરંગા યાત્રા: દેશભક્તિના રંગમાં રંગાયા નગરજનો




ખેડા શહેર અને તાલુકામાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકો ઉત્સાહભેર જોડાયા હતા. ખેડા શહેરની યાત્રા શહીદ ભગતસિંહ ચોકથી અને તાલુકાની યાત્રા હરિયાળાથી નીકળી મહારાણા પ્રતાપ સર્કલ ખાતે રાષ્ટ્રપ્રેમના નાદ સાથે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે માતર અને મહેમદાવાદના ધારાસભ્યો, પ્રાંત અધિકારી અને ડીવાયએસપી સહિતના મહાનુભાવો તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. હાથમાં તિરંગો ધારણ કરી સૌએ 'હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગા'ના સંકલ્પ સાથે રાષ્ટ્રધ્વજનું ગૌરવ વધારવાના શપથ લીધા હતા. **તસવીર : પ્રગ્નેશ ભાવસાર**

અમે રિહર્સલમાં હતા, એટલે મોડી જાણ થઈ : અધિકારીની કબૂલાત

# વીરપુરમાં દીવાલ ધરાશાયી થતા બે માસૂમનાં કરુણ મોત

**ઘટનાના ૭ કિમી** દૂર 'આઝાદી'ના રિહર્સલમાં વ્યસ્ત તંત્રને કલાકો સુધી ખબર જ ન પડી!



(પ્રતિનિધિ) વીરપુર તા.૧૩

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના ખાટા ગામે આજે સવારે ૧૦ વાગ્યાની આસપાસ એક હૃદયદ્રાવક દુર્ઘટના ઘટી હતી. નવી વસાવત ફળિયામાં કાચા મકાનની જર્જરિત દીવાલ અચાનક ધરાશાયી થતાં, તેની નીચે રમી રહેલા ૩ વર્ષીય રાધિકાબેન અને ૨ વર્ષીય આયુષભાઈ પગીના દટાઈ જવાથી કરુણ મોત નીપજ્યા છે. આ આખીય ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, જે સમયે માસૂમ બાળકો જીવ ગુમાવી રહ્યા હતા, તે જ સમયે સરકારી તંત્ર ઉત્સવની તૈયારીઓમાં મશગૂલ હતું.

આ ઘટનામાં વહીવટી તંત્રની સંવેદનહીનતા ત્યારે ખુલ્લી પડી જ્યારે ખુદ સરકારી અધિકારીએ ફોન પર કબૂલ્યું કે તેઓ ૧૫મી ઓગસ્ટના કાર્યક્રમના રિહર્સલમાં વ્યસ્ત હોવાથી તેમને આટલી મોટી દુર્ઘટનાની જાણ ઘણી મોડી થઈ હતી. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું સ્થળ ઘટનાસ્થળથી માંડ ૭ કિલોમીટર દૂર હોવા છતાં, ૧૦ વાગ્યે બનેલી ઘટના અંગે જિલ્લા કક્ષાનું તંત્ર કલાકો સુધી અજાણ રહ્યું હતું.

આ અંગે ગ્રામજનોમાં આક્રોશ વ્યાપ્યો કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ કે વહીવટી તંત્રની કોઈ ટીમ ઘટનાસ્થળે જોવા મળી નથી, ત્યારે અધિકારીએ 'ન્યૂઝ મળે એટલે હમણાં જઈએ છીએ' કહીને બચાવ કર્યો હતો. આમ, માત્ર ૭ કિમીના અંતરે બે માસૂમોના મોતના આક્રંદ કરતાં સત્તાધીશો માટે આઝાદીના પર્વનું રિહર્સલ વધુ મહત્વનું સાબિત થયું હોય તેવું જણાય છે.

# સંતરામપુરથી કારંટા એસટી બસસેવા બંધ કરાતા આક્રોશ

**વર્ષો જૂનો** રૂટ અચાનક બંધ કરવાના એસટી તંત્રના 'તુઘલખી' નિર્ણય સામે વિરોધ



(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૩

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ પ્રસિદ્ધ ધાર્મિક સ્થળ કારંટા ખાતે જવા માટેની સંતરામપુર-કારંટા બસ સેવા છેલ્લા કેટલાક સમયથી એસટી સત્તાધીશો દ્વારા બંધ કરી દેવામાં આવી છે. વર્ષોથી કાર્યરત આ રૂટ અચાનક બંધ કરી દેવાતા મુસાફરો અને ધર્મપ્રેમી જનતાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે સ્થાનિકોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કારંટા ગામ એક પવિત્ર ધાર્મિક સ્થાન છે, જ્યાં તમામ સમાજના લોકો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવે છે. શ્રદ્ધાળુઓની અવરજવર માટે સંતરામપુરથી કારંટાની બસ સેવા વર્ષોથી ચાલતી હતી, જેનો લાભ અનેક લોકો લેતા હતા. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી એસટી તંત્ર દ્વારા આ રૂટ બંધ કરી દેવામાં આવતા મુસાફરો અટવાયા છે. એસટી તંત્રના આ નિર્ણયને લોકો 'તુઘલખી' ગણાવી રહ્યા છે. કારંટાના સરપંચ દ્વારા મુસાફરો અને શ્રદ્ધાળુઓના હિતમાં આ બસ સેવા વહેલી તકે પુનઃ શરૂ કરવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

લુણાવાડા નગરપાલિકાને 15 દિવસનું આખરી અલ્ટીમેટમ અપાયું

# લુણાવાડા પાલિકામાં વરસો જુના કામદારોને કાયમી કરવા માગણી

**માંગ પૂરી** નહીં થાય તો અચોક્કસ મુદતના ધરણાની ચીમકી



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૩

લુણાવાડા નગરપાલિકામાં લાંબા સમયથી ફરજ બજાવતા સફાઈ કામદારોએ હવે સિનિયોરિટી મુજબ કાયમી નિમણૂક આપવાની માંગ સાથે ઉગ્ર લડતનું શસ્ત્ર ઉગામ્યું છે. વિવિધ સંગઠનો દ્વારા એકઠા થઈને લુણાવાડા નગરપાલિકા તંત્રને આ બાબતે ઘટતું કરવા માટે આજથી 15 દિવસની સમયમર્યાદા આપતું આખરી અલ્ટીમેટમ પાઠવવામાં આવ્યું છે.

સફાઈ કામદારોના સંગઠનોની માંગ છે કે વર્ષોથી સેવા આપતા પીડિત કામદારોને સિનિયોરિટીના ધોરણે કાયમી કરવામાં આવે. આ માટે જરૂરી સત્તાવાર દરખાસ્ત આગામી 15 દિવસમાં ઉચ્ચ કચેરીએ મોકલી આપવા પાલિકા તંત્રને તાકીદ કરવામાં આવી છે. જો આ નિર્ધારિત સમયગાળામાં યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે, તો તમામ સફાઈ કામદારોને સાથે રાખીને નગરપાલિકા કચેરી સામે અનિશ્ચિત મુદતના ધરણા-પ્રદર્શન અને આંદોલન શરૂ કરવાની ચીમકી આપવામાં આવી છે.

### આંદોલનની ચીમકી કેમ?

**મુખ્ય માંગઃ** વર્ષોથી ફરજ બજાવતા કામદારોને સિનિયોરિટી મુજબ કાયમી કરવા.

**તંત્રને અલ્ટીમેટમઃ** ઉચ્ચ કચેરીએ દરખાસ્ત મોકલવા માટે 15 દિવસની મહોલત.

**આગામી રણનીતિઃ** માંગ ન સંતોષાય તો નગરપાલિકા કચેરી સામે અચોક્કસ મુદતના ધરણા અને ઉગ્ર પ્રદર્શન.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ બીએપીએસ મંદિરમાં હિંડોળા ઉત્સવમાં મંડાળા લીંપણની કલાકૃતિ આકર્ષણનું કેન્દ્ર રહ્યું



**આણંદ** | આણંદ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં પ્રથમવાર પૂર્ણ કદના થીમ આધારિત ૧૪ હજાર કાચના ટુકડાઓથી બનેલા 'મંડાળા લીંપણ' હિંડોળાનું આકર્ષક આયોજન કરાયું છે. દરરોજ સાંજે ઠાકોરજીની પાલખીયાત્રા, વિશેષ થાળગાન અને સમૂહ આરતીના દર્શનનો હજારો હરિભક્તો ઉત્સાહભેર લાભ લઈ રહ્યા છે. આ ઉત્સવમાં તાજેતરમાં આણંદના મેયર દિપીકાબેન પટેલ અને અગ્રણીઓએ પણ ઉપસ્થિત રહી પાલખીયાત્રા અને દર્શનનો લ્હાવો લીધો હતો. યુવા સ્વયંસેવકો દ્વારા રાત-દિવસની મહેનતથી તૈયાર કરાયેલા આ હિંડોળા ભક્તિ અને કલાના અનોખા સંગમ સમાન બની રહ્યા છે.

### વસોમાં '10 કરોડ નશા મુક્ત પ્રતિજ્ઞા મહાઅભિયાન' નિમિત્તે નાગરિકોએ શપથ લીધા



**વસો** | વસોના શાંતિ અનુભૂતિ ભવન ખાતે વિકસિત ભારતના નિર્માણ માટે '10 કરોડ નશા મુક્ત પ્રતિજ્ઞા મહાઅભિયાન'નો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. વસો સેવા કેન્દ્રના તરુ દીદી અને પ્રદેશ મહામંત્રી હેમલબેન સહિતના અગ્રણીઓની હાજરીમાં યુવાનોને નશામુક્ત જીવન જીવવા માટે પ્રેરિત કરાયા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવો અને નાગરિકોએ સમાજને નશાના દૂષણથી મુક્ત કરવા અને જનજાગૃતિ ફેલાવવાના દ્રઢ સંકલ્પ સાથે સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. યુવાનો સ્વસ્થ અને સકારાત્મક જીવન જીવે તેવા ઉમદા હેતુ સાથે 'નશા મુક્ત ભારત તરફ એક પગલું' ભરી આ કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન થયું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### બોરસદના રાસનોલની નર્મદાબા શાંતિલાલ શેઠ વિદ્યાલયમાં ભવ્ય વિજ્ઞાનમેળો સંપન્ન



**બોરસદ** | રાસનોલની નર્મદાબા વિદ્યાલયમાં વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ અને પ્રયોગાત્મક શિક્ષણ વિકસે તે હેતુથી અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશનના સહયોગથી ભવ્ય વિજ્ઞાનમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગો અને કાર્યરત મોડેલો રજૂ કર્યા હતા, જેનો આસપાસની વિવિધ શાળાઓના ૧,૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર લાભ લીધો હતો. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન અર્પિતભાઈ જાદવના હસ્તે થયું હતું અને મંત્રીશ્રી કીર્તિભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી બાળ વૈજ્ઞાનિકોની સર્જનાત્મકતાને બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### આણંદના બેડવા કન્યા શાળા ખાતે દીકરીઓ માટે 'બાળમેળા'નું આયોજન કરાયું



**આણંદ** | બેડવા કન્યા શાળામાં બાલવાટિકાથી ધોરણ ૫ની તમામ દીકરીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓ સભર બાળમેળો યોજાયો હતો. આ મેળામાં દીકરીઓએ ગીત-સંગીત, અભિનય, બાળવાર્તા, નાટક અને વેશભૂષા જેવી કલાત્મક કૃતિઓ ઉત્સાહભેર રજૂ કરી હતી. આ ઉપરાંત માટીકામ, ચિત્રકામ, ગડીકામ અને 'વેસ્ટમાંથી બેસ્ટ' જેવી અનેક સર્જનાત્મક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી હતી. તમામ દીકરીઓએ આખો દિવસ અવનવી પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ સાથે ગમ્મત મેળવી મેળાનો આનંદ માણ્યો હતો.

### નડિયાદમાં સુયોગમ દ્વારા 'શરીર સાથે મિત્રતા' વિષય પર ફૂડ વર્કશોપનું આયોજન કરાયું



નડિયાદ | સંતરામ સમાધિ સ્થાન સંચાલિત સુયોગમ દ્વારા ફ્રેન્ડશિપ ડે નિમિત્તે આયોજિત આ વિશેષ વર્કશોપમાં મોટી સંખ્યામાં આરોગ્યપ્રેમી સાધકો જોડાયા હતા. યોગાચાર્ય ચાંદનીબેન દવેએ ઋતુ અને ઉંમર મુજબ આહારની પસંદગી તથા 'ફૂડ ઇઝ ઇન્ફોર્મેશન'ના સિદ્ધાંત પર વૈજ્ઞાનિક અને આયુર્વેદિક માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં લાઈવ ડેમોન્સ્ટ્રેશન દ્વારા વિવિધ પૌષ્ટિક વાનગીઓ અને સ્વાસ્થ્યવર્ધક પીણાં બનાવવાની રીત તેમજ તેના ફાયદાઓની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. અંતમાં રામદાસજી મહારાજે આશીર્વચન પાઠવ્યાં હતાં.

### આણંદ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ મુંબઈ શેરબજારની શૈક્ષણિક મુલાકાત લીધી



**આણંદ** | આણંદ કોમર્સ કોલેજ (એસ.એફ.) ના ઇનોવેશન એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ સેલ દ્વારા તાજેતરમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE), મુંબઈ ની શૈક્ષણિક મુલાકાતનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં 30 વિદ્યાર્થીઓ અને ૫ અધ્યાપકો જોડાયા હતાં. વિદ્યાર્થીઓએ BSE ના નિષ્ણાતો પાસેથી શેરબજારની કાર્યપદ્ધતિ અને એક્સચેન્જ ઓપરેશન્સ વિશે પ્રત્યક્ષ અનુભવ મેળવીને મૂડીબજારની વ્યવહારુ સમજ કેળવી હતી. આચાર્ય ડો. વી. એમ. વનારના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમનું સંકલન ડો. રિષિતા મેકવાન અને અનુપ્રિયા પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

### કપડવંજ કંસારા સમાજ દ્વારા મહાકાળી માતાના પ્રાગટ્ય દિવસની ભવ્ય ઉજવણી કરાઇ



**કપડવંજ** | કપડવંજ કંસારા સમાજ દ્વારા મહાકાળી માતાના પ્રાગટ્ય દિવસ નિમિત્તે ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખોડિયાર મહિલા મંડળ દ્વારા આયોજિત આનંદના ગરબામાં સમાજની મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ માતાજીની આરાધના કરી હતી. રાણી માસીની ગરિમામય ઉપસ્થિતિ વચ્ચે મહાકાળી માતાના પ્રાગટ્ય દિવસની કેક કાપીને વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. કંસારા સમાજના આગેવાનો અને સભ્યોની બહોળી હાજરીમાં આ સમગ્ર કાર્યક્રમ અત્યંત આનંદમય અને ભક્તિસભર વાતાવરણમાં સંપન્ન થયો હતો.

### કપડવંજ તાલુકાની વ્યાસવાસણા પે સેન્ટર શાળા ખાતે GCERT સૂચિત 'બાળમેળો' યોજાયો



**કપડવંજ** | કપડવંજ તાલુકાની વ્યાસવાસણા પે સેન્ટર શાળામાં NEP-2020 ના સંદર્ભે જીસીઇઆરટી સૂચિત બાળમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બાલવાટિકાથી ધોરણ ૫ ના બાળકોએ માટીકામ, ચિત્રકલા, કાગળકામ અને વાર્તાકથન જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું. આ મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં રહેલી સર્જનાત્મકતા અને હસ્ત કૌશલ્યનો વિકાસ કરી તેમની આંતરિક શક્તિઓને બહાર લાવવાનો હતો. શાળાના આચાર્ય કનુભાઈ પ્રજાપતિએ બાળકો અને માર્ગદર્શક શિક્ષકોની આ સુંદર કામગીરીને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા.

### કરમસદ સ્થિત ભાઈકાકા યુનિ.માં એમ.પી.ટી. બેચ 2024-26નો શપથવિધિ સમારોહ યોજાયો



**આણંદ** | કરમસદની કે.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપીમાં તાજેતરમાં વિદ્યાર્થીઓએ વ્યાવસાયિક નૈતિકતા અને માનવતા સાથે દર્દીઓની સેવા કરવાના શપથ લીધા હતા. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. અભય ધરમસી અને અન્ય મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પુરાવા આધારિત સારવાર અને સતત જ્ઞાનવૃદ્ધિ પર ભાર મૂકવા પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સંવેદનશીલતા અને શ્રેષ્ઠતા સાથે આરોગ્ય ક્ષેત્રે યોગદાન આપવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

### બીવીએમ અને આઈસ્ટોર દ્વારા સંયુક્તપણે સાયબર સિક્યુરિટી તાલીમ કાર્યક્રમ યોજાયો



**આણંદ** | બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય અને આઈસ્ટોર કોલેજના સંયુક્ત ઉપક્રમે ૪૮થી વધુ વિદ્યાર્થીઓ માટે એક સપ્તાહીય સાયબર સુરક્ષા તાલીમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને એથિકલ હેકિંગ, નેટવર્ક સુરક્ષા અને સોફોસ ફાયરવોલ મેનેજમેન્ટ જેવા આધુનિક વિષયો પર સૈદ્ધાંતિક અને વ્યવહારુ જ્ઞાન આપવામાં આવ્યું હતું. અંતે, સંસ્થાના આચાર્યો અને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઇ પટેલે વિદ્યાર્થીઓને તેમની સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### આણંદ તાલુકા કબડ્ડી સ્પર્ધામાં જ્ઞાનયજ્ઞ વિદ્યાલયની બહેનો પ્રથમ વિજેતા બની



**આણંદ** | આણંદ જિલ્લા રમતગમત કચેરી દ્વારા આયોજિત અન્ડર-14 તાલુકા કબડ્ડી પ્રતિયોગિતામાં જ્ઞાનયજ્ઞ વિદ્યાલયની બહેનોએ પ્રથમ વિજેતા થઈ સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. રામપુરા ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ આ વિજેતા ટીમની હવે જિલ્લા કક્ષાની હરીફાઈ માટે પસંદગી કરવામાં આવી છે. આ સિદ્ધિ બદલ યોગી વિદ્યાપીઠના કુલગુરુ ડો. રતિકાકાએ વિજેતા ખેલાડીઓ અને માર્ગદર્શક શિક્ષકોને આશીર્વાદ પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા. જ્યારે સમગ્ર સ્ટાફ તરફથી પ્રાથમિક વિભાગનાં આચાર્યા ઊર્જાબહેન પટેલ અને માધ્યમિક-ઉ.મા. વિભાગનાં આચાર્યા રીટાબહેન પટેલે છાત્રોને શાબાશી આપી પ્રોત્સાહિત કર્યા.